# જિલ્લા પંચાયતની શાખાઓની યોજનાકીય માહિતી

## રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

યોજના અંતર્ગત સહાય/લાભ : જન સુદાયની મચ્છરદાની દવાયુકત કરી આપવી.

યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ : મલેરીયા માટેનાં જોખમી વિસ્તારોમાં સમાવેશ પામતાં લાભાર્થી કુટુંબોએ આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો. આશા કાર્યકરોને તાવના કેસોના લોહીના મૂનાદીઠ રૂા. ૫/– આપવા. મેલેરીયા કેસની સંપૂર્ણ સારવારદીઠ રૂા. ૫૦/– આપવામાં આવે છે.

યોજનાનો લાભ કયાંથી મળશે : પ્રા. આ. કેન્દ્રથી ગ્રામ્ય કક્ષાનાં આરોગ્ય કર્મચારી મારફતે.

જાહેર થયેલ મેલેરીયા દર્દીને સંપૂર્ણ સારવાર આપવી.

જન સમૂદાયને પોતાની મચ્છરદાનીને સંપૂર્ણ દવાયુક્ત કરી આપવી.

મેલેરીયા માટે વધુ જોખમી ગામોમાં દવા છંટકાવ કરાવવો.

## સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

યોજના શરૂ થયાનું વર્ષ : ૧૯૬૨

યોજનાનું નાણાકીય સ્રોત : ભારત સરકારશ્રીની રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશનની ગ્રાન્ટમાંથી યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ કોઈપણ ક્ષયરોગનો દર્દી

યોજના અંતર્ગત સહાય/લાભ : ટી.બી. રોગનું નિદાન વિનામુલ્યે ● ટીબી રોગ માટે તમામ સરકારી હોસ્પિટલો, દવાખાનાઓમાં વિના મુલ્યે (મફત) તપાસ કરવામાં આવે છે. ● ટીબી રોગની વિનામુલ્યે સારવાર ● ટીબી રોગ અંગેની સારવાર તમામ સરકારી હોસ્પિટલો, દવાખાનાઓમાં વિનામુલ્યે (મફત) આપવામાં આવે છે. ● સામાન્ય પ્રકારના ટીબી રોગની દવાઓની કિમત અંદાજે ૫ થી ૭ હજાર રૂપિયા તથા ગંભીર પ્રકારના ટીબી રોગની દવાઓની કિંમત અંદાજે ૧.૫ થી ૨.૭૫ લાખ રૂપિયા થાય છે જે સરકારશ્રી દ્વારા વિનામુલ્યે (મફત) પુરી પાડવામાં આવે છે. ● ટીબી રોગ અંગેની વિનામુલ્યે તબીબી સહાય.

બક્ષી પંચ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિનાં ક્ષયરોગનાં દર્દીઓને સરકારશ્રી તરફથી દર માસે રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા (દર્દ મટે ત્યાં સુધી) ચૂકવવામાં આવે છે. આ સહાય માટે દર્દીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬૦૦૦/– છે. આ આવકથી ઓછી આવક ધરાવતાં દર્દીઓને સહાય ચૂકવવાપાત્ર છે.

જો આ અંગે વધુ માહિતીની જરૂર જણાય તો જીલ્લા કક્ષાએ બક્ષી પંચના લાભાર્થીઓએ જીલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા), ભાવનગરની કચેરીનો સંપર્ક કરવો. અનુસૂચિત જાતિ / જનજાતિ માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, ભાવનગરનો સંપર્ક કરવો.

## દિકરી યોજના

યોજના શરૂ થયાનું વર્ષ : આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એફ પી ડબલ્યુ ૧૦૮૭ ૨૭૫ ઘ, તા. ૨૮–૧૨–૧૯૮૯

યોજનાનું નાણાકીય સ્રોત : ગુજરાત સરકારશ્રીના બજેટમાં આયોજનની અંદાજપત્રીય જોગવાઈ હેઠળ મુખ્ય સદર ૨૨૧૧ પરિવાર કલ્યાણ સદરે મંજુર થયેલ જોગવાઈમાંથી નાણાંકીય સ્રોત મેળવવામાં આવે છે.

આ યોજનામાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો : આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ૧૦૮૭ ૨૭૫ ધ, તા. ૦૭-૧૧-૧૯૯૦

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : દિકરો ન હોય અને ફકત એક કે બે દિકરીઓ હોય તેવા દંપતિ પૈકી કોઈ એક નસબંધી ઓપરેશન કરાવે તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવાની રાજ્ય સરકારની ખાસ પુરસ્કાર યોજના છે.

યોજના અંતર્ગત સહાય / લાભ : (૧) દિકરો ન હોય અને ફકત દીકરી હોય તેવા દંપતિને રૂ઼ા. ૬૦૦૦/- (૨) દિકરો ન હોય અને ફકત બે દીકરી હોય તેવા દંપતિને રૂ઼ા. ૫૦૦૦/-

યોજનાનો લાભ ક્યાંથી મળશે : યોજનાનો લાભ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી દ્વારા આપવામાં આવશે.

## મમતા સખી

યોજના શરૂ થયાનું વર્ષ : વર્ષ ૨૦૧૧-૧૨

યોજનાનું નાણાકીય સ્ત્રોત : યોજનાનું નાણાકીય સ્ત્રોત લાગુ પડતું નથી.

આ યોજનામાં ક્યારે સુધારો કરવામાં આવ્યો : તા. ૨૦-૧૨-૨૦૧૧

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : આ યોજના રાજ્યના તમામ સરકારી દવાખાનાઓમાં તમામ પ્રસુતા બહેનોને યોજના અંતર્ગત સહાય / લાભ-આ યોજના હેઠળ સગર્ભાના પ્રસુતિ સમય દરમ્યાન કુટુંબની એક મહિલા સદસ્યને સરકારી હોસ્પિટલ/સંસ્થાઓમાં પ્રસુતાને માનસિક ટેકા માટે તથા તેણીની કાળજી રાખવા સારું લેબર રૂમમાં મમતા સખી તરીકે સતત હાજર રહી શકે છે.

આ યોજના અંતર્ગત કોઈપણ જાતની નાણાંકીય સહાય ચૂકવવામાં આવતી નથી.

યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ: આ યોજનામાં કોઈ ખર્ચ નથી.

યોજનાનો લાભ ક્યાંથી મળશે : તમામ સરકારી હોસ્પિટલોમાં

## રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમ

યોજના શરૂ થયાનું વર્ષ : ૧૯૫૧

યોજનાનું નાણાકીય સ્ત્રોત : ભારત સરકાર તરફથી (૧૦૦ ટકા ભારત સરકાર)

આ યોજનામાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો : ઠરાવ ક્રમાંક : ન/૫૬/૧૪૧૫/કુ.ક./૧/ કુ.ની કેશ/કેમ્પ/વધારો/૧૪ તા. ૧૧-૧૧-૨૦૧૪.

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : મહિલા લાભાર્થી માટે લગ્ન કરેલ હોય તેની ઉંમર ૨૨ વર્ષ થી ૪૯ વર્ષની વચ્ચેની હોવી જોઈએ તથા તેને એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧ વર્ષથી વધારે હોવી જોઈએ. પતિનું નસબંધીનું ઓપરેશન ન થયેલું હોવું જોઈએ (બે માંથી એક આ પદ્ધતિ અપનાવેલ હોવી જોઈએ તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ.) પુરુષ લાભાર્થી માટે લગ્ન કરેલ હોય, તેની ઉંમર ૬૦ વર્ષ નીચે હોવી જોઈએ તેને એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧ વર્ષથી ઓછી ન હોવી જોઈએ લાભાર્થીની પત્નીનું ઓપરેશન ન થયેલું હોવું જોઈએ (બેમાંથી એક આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ.

યોજના અંતર્ગત સહાય / લાભ :

| વિગત | લાભાર્થીને રોકડ સહાય | મોટીવેટર |
|---|---|---|
| પુરૂષ નસબંધી (દરેક) | ૨૦૦૦ | ૩૦૦ |
| સ્ત્રી નસબંધી | | |
| (બી.પી.એલ. /એસટી) | ૧૪૦૦ | ૨૦૦ |
| (પ્રસૂતિ બાદ ૭ દિવસ કાયમી) | | |
| સ્ત્રી નસબંધી (એ.પી.એલ.) | ૨૨૦૦ | ૩૦૦ |

યોજનાનો લાભ મેવવા માટેની પદ્ધતિ : આ યોજનાનો લાભ લેવા માટે ઓપરેશન વખતે ફોર્મ ભરવાનું હોય છે. યોજનાનો લાભ ક્યાંથી મળશે. કુટુંબ કલ્યાણ પદ્ધતિનું ઓપરેશન કરાવો ત્યારે આપને ત્યાંથી ઓપરેશન કરાવતા લાભાર્થીને રોકડ સહાય આપવામાં આવશે.

સ્ત્રી નસબંધી ઓપરેશન માટે સરકાર માન્ય હોસ્પિટલ

સરકાર માન્ય કુટુંબ કલ્યાણ સેવા કેન્દ્ર ખાતે લાભાર્થી સ્ત્રી નસબંધી/પુરૂષ નસબંધી ઓપરેશન કરાવે તો લાભાર્થીને રોકડ સહાય (લોસ ઓફ વેઈઝીસ) તરીકે રૂ।. ૧,૦૦૦/– રોકડા ચુકવવામાં આવશે.

નોંધ : લાભાર્થીને આ ખાનગી દવાખાનામાં નિઃશુલ્ક નસબંધી ઓપરેશન કરી આપવામાં આવશે. પરંતુ લાભાર્થીને રોકડ સહાય ચુકવવામાં આવશે નહિં.

## ચિરંજીવી યોજના

યોજના શરૂ થયાનું વર્ષ : ૨૦૦૫

યોજનાનું નાણાકીય સ્ત્રોત: ગુજરાત રાજ્ય

યોજનામાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો : તા. ૧૭/૮/૨૦૧૦

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતા) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવકવેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા પહેનોને લાભ આપવામાં આવે છે. જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણે તેઓના વિસ્તારમાં તલાટી કમ મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસે થી આવકનું પ્રમાણ પત્ર મેળવવાનું રહેશે.

યોજના અંતર્ગત સહાય / લાભ : આ યોજના હેઠળ પ્રસુતા બહેનોને સરકાર દ્વારા નક્કી કરાયેલા ખાનગી દવાખાનામાં વિનામુલ્યે પ્રસુતિ કરાવી શકે છે. દવાખાનામાં દાખલ થનાર પ્રસુતાએ દવાખાનામાં કોઈપણ રકમ ચુકવવાની હોતી નથી. એટલું જ નહી પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડોકટર જ આપશે અને તે પણ વિના મુલ્યે ઉપરાંત પ્રસુતાને દવાખાને આવવા ભાડા પેટે રૂ।. ૨૦૦/– ડોકટર દ્વારા રોકડા આપવામાં આવશે.

યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ : યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે. અને તેની સાથે જરૂરી દસ્તાવેજ જેવા કે બી. પી. એલ. કાર્ડની નકલ અથવા આવકનો દાખલો મુકવાનો થાય છે. યોજનાનો લાભ ક્યાંથી મળશે. આ યોજનાના લાભાર્થીને કોઈપણ ચિરંજીવી યોજનામાં સામેલ થયેલા ખાનગી તબીબનાં દવાખાને સારવાર સહેલાઈથી મળી શકે છે. ચિરંજીવી યોજનામાં સેવા આપતાં ડોકટરની યાદી આરોગ્ય કાર્યકર, નજીકનાં પ્રા. આ. કેન્દ્ર કે સા. આ. કેન્દ્ર પરથી મેળવી શકાય છે. લાભાર્થીઓ યોજનાનો સહેલાઈથી લાભ લઈ

શકે તે માટે જે તે વિસ્તારનાં સ્ત્રીરોગ નિષ્ણાંત ડોક્ટરનાં દવાખાના બહાર ચિંરજીવી યોજનાનું બોર્ડ લગાવેલ જોવા મળશે.

## કસ્તુરબા પોષણ સહાય યોજના

<u>યોજના શરૂ થયાનું વર્ષ :</u> ૨૦૧૧–૧૨

<u>યોજનાનું નાણાકીય સ્ત્રોત :</u> ગુજરાત રાજ્ય

<u>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ :</u> ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓ તથા શહેરી વિભાગના દ્વારા જાહેર કરાયેલ ગીરીબી રેખા હેઠળ કુટુંબોની સગર્ભા માતાઓ.

<u>યોજના અંતર્ગત સહાય/લાભ :</u> (૧) સગર્ભાવસ્થામાં પ્રથમ ત્રિમાસિકગાળામાં મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂ. ૨,૦૦૦/– ની સહાય (૨) સરકારી દવાખાનામાં અથવા ચિંરજીવી યોજના અંતર્ગત સુવાવડના પ્રથમ અઠવાડિયામાં રૂ. ૨,૦૦૦/–ની સહાય (૩) બાળકની માતાને પોષણ સહાય રૂપે બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન 'એ' આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂ. ૨,૦૦૦/–ની સહાય આપવામાં આવશે.

આમ, કુલ રૂ. ૬,૦૦૦/– ની સહાય દરેક લાભાર્થી માતાને મળશે.

<u>યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ :</u> (૧) લાભાર્થીએ મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એફ.એચ.ડબલ્યુ. પાસે નોંધણી કરાવવાથી પ્રથમ હપ્તો મળવાપાત્ર થશે. (૨) ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાએ સુવાવડ સરકારી દવાખાનામાં અથવા ચિંરજીવી યોજના હેઠળનાં દવાખાનામાં કરાવવાથી બીજો હપ્તો મળવાપાત્ર થશે. (૩) ગરીબી રેખા હેઠળની માતાના બાળકના જન્મ બાદનાં ૯ માસ પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન 'એ' આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ કરાવ્યા બાદ ત્રીજો હપ્તો મળવાપાત્ર થશે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળશે :</u> જે તે વિસ્તારના સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા નિયત ફોર્મ ભરવાનું રહેશે. મંજુર થયેથી નાણાં સીધા લાભાર્થીના બેન્ક ખાતામાં/પોસ્ટ ઓફિસમાં ખાતામાં જમા થશે. જેથી લાભાર્થીએ બેંકના ખાતાનો નંબર આપવાનો રહેશે.

## જનની સુરક્ષા યોજના

આ યોજનામાં ગરીબી રેખા હેઠળના (બી.પી.એલ. કાર્ડ ધરાવતાં), અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ કુટુંબની તમામ પ્રસુતા બહેનોને લાભ આપવામાં આવે છે. જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ના હોય તેમણે તેઓના વિસ્તારનાં તલાટી કમ મંત્રી, સરપંચ, મામલતદાર પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

<u>આ યોજનાનો શું લાભ મળશે :</u> આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની પ્રસુતા મહિલાઓને પ્રસુતિ દીઠ રૂ. ૭૦૦/–ની સહાય તેમજ નોટીફાઇડ એરીયા / શહેરી વિસ્તાર માટે પણ પોષણયુકત ખોરાક અને પ્રસુતિ સમય થતો દવાનો ખર્ચ કે અન્ય ખર્ચને પહોંચી વળવા માટે સગર્ભાવસ્થાના ૮ થી ૧૨ અઠવાડીયા પહેલા એક જ હપ્તામાં ચુકવવાનાં રહેશે. વધુમાં લાભાર્થીની ઉંમર, પ્રસુતિ સંખ્યા તેમજ જગ્યા ધ્યાને લેવાની રહેશે નહીં.

<u>યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ :</u> આ યોજના અંતર્ગત સહાય માટે સ્ત્રી આરોગ્ય, કાર્યકર પાસે ફોર્મ ભરાવવાનું રહેશે. અને સાથે આવકનો પુરાવો લગાવવાનો રહેશે.

યોજનાનો લાભ ક્યાંથી મળશે : જે તે વિસ્તારના સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા નિયત ફોર્મ ભરવાનું રહેશે મંજુર થયેથી નાણાં સીધા લાભાર્થીના બેન્ક ખાતામાં જમા થશે. જેથી લાભાર્થીએ બેંકના ખાતાનો નંબર આપવાનો રહેશે.

## જનની શિશુ સુરક્ષા યોજના

યોજના શરૂ થયાનું વર્ષ : વર્ષ ૨૦૦૦-૧૨

યોજનાનું નાણાકીય સ્ત્રોત: ભારત સરકાર અને રાજ્ય સરકાર

યોજનામાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો : ૧૨ / ૮ / ૨૦૧૧

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : તમામ સગર્ભા માતાને સગર્ભાવસ્થાની શરૂઆતથી પ્રસુતિ બાદ ૪૨ દિવસ સુધી અને નવજાત શિશુને તેમજ બાળકને એક વર્ષ સુધી ફક્ત સરકારી સંસ્થાઓમાં નિશુલ્ક આરોગ્ય સારવાર.

યોજના અંતર્ગત સહાય / લાભ : સગર્ભા માતાઓને મળવાપાત્ર સેવાઓ.

• મફત સંસ્થાકિય પ્રસુતિ સેવા • નિઃશુલ્ક સિઝેરીયન સેવા • મફત દવા, સર્જીકલ અને અન્ય સામગ્રી • મફત લેબોરેટરી સેવાઓ લોહી પેશાબની તપાસ, સોનોગ્રાફી વગેરે. • હોસ્પિટલમાં રહે તે દરમ્યાન નિઃશુલ્ક ભોજન • જરૂર પડે ત્યારે નિઃશુલ્કત રક્ત • મફત એમ્બ્યુલન્સ સેવા – ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલથી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત • હોસપ્ટિલની કોઈપણ પ્રકાની ફી માંથી મુકિત.

નવજાત શિશુ અને બાળકને જન્મના એક વર્ષ સુધી ફક્ત સરકારી સંસ્થાઓમાં નિઃશુલ્ક મળવાપાત્ર આરોગ્ય સેવાઓ.

• નિઃશુલ્ક સારવાર • મફત દવા, સર્જીકલ અને અન્ય સામગ્રી • મફત લેબોરેટરી સેવાઓ • જરૂર પડે ત્યારે નિઃશુલ્ક રક્ત • મફત એમ્બ્યુલન્સ સેવા – ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલથી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત • હોસ્પિટલની કોઈપણ પ્રકારની ફી માંથી મુક્તિ.

## રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના

યોજના શરૂ થયાનું વર્ષ : ઓગષ્ટ-૨૦૦૮

યોજનાનું નાણાકીય સ્ત્રોત : ૨૦૦૮ લેબર ડીપાર્ટમેન્ટ (૫ જીલ્લા) ૨૦૦૯ – આદિ જાતિ વિકાસ (૫ જીલ્લા) ૨૦૧૦ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ.

યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ : ફક્ત (બી.પી.એલ.) કુટુંબો, જેના નામ સરકારશ્રીની યાદીમાં છે. તે કુટુંબના કુલ ૫ સભ્યો, કુટુંબના વડા, પત્ની અને ત્રણ સભ્યો આ યોજનામાં સમાવવામાં આવશે.

યોજના અંતર્ગત સહાય / લાભ : રૂ. 30000/- સુધીનો આરોગ્ય વીમો

યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ : આ યોજનાનો લાભ લેવા માટે જ્યારે આપના વિસ્તારમાં આ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન ચાલતું હોય ત્યારે જે કુટુંબ પાસે બી.પી.એલ. કાર્ડ હોય, તેને રજીસ્ટ્રેશન કરી કાર્ડ આપવામાં આવશે અને તે કાર્ડનો ઉપયોગ કરી શકશે.

યોજનાનો લાભ ક્યાંથી મળશે : યોજનામાં જોડાયેલ તમામ સરકારી સંસ્થા તથા ખાનગી ડોકટરોને ત્યાં સેવાઓ આપવામાં આવશે, જ્યાં આ લાભ લેવા કાર્ડ સાથે લઈને જ જવાનું રહેશે.

## મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના

<u>યોજનાનું નાણાકીય સ્ત્રોત :</u> ગુજરાત સરકારશ્રીના બજેટમાં અંદાજપત્રીય જોગવાઈ હેઠળ મુખ્ય સદર ૨૨૧૧ પરિવાર કલ્યાણ સદર મંજુર થયેલ જોગવાઈમાંથી.

<u>યોજનામાં છેલ્લે ક્યારે સુધારો કરવામાં આવ્યો :</u> નવી યોજના

<u>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ :</u> આ યોજના રાજ્યના તમામ જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના (નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઈડ એરીયા) ગ્રામ્ય વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ ૫ વ્યકિત)ને લાગુ પાડવામાં આવી છે.

<u>યોજના અંતર્ગત સહાય/લાભ :</u> આ યોજના હેઠળ હૃદય, મગજ અને કિડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓ માટે નિયત રોગો જેવી ગંભીર બિમારીઓ માટે કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેશ સારવાર આપવામાં આવે છે.

<u>યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ :</u> આ યોજના હેઠળ નીચે મુજબની ગંભીર બિમારીઓ માટે નિયત સારવાર પેકેજીસ નક્કી કરેલ છે. જે અનુસાર યોજના હેઠળ કરારબદ્ધ થયેલ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભ મળશે.

| | |
|---|---|
| ૧. હૃદય, | ૨. કિડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, |
| ૩. કેન્સર, | ૪. નવજાત શિશુઓના રોગો |
| ૫. મગજ અને | ૬. બર્ન્સ, |
| ૭. ગંભીર ઈજાઓ તેમજ | |

<u>યોજનાનો લાભ ક્યાંથી મળશે :</u> આ યોજના હેઠળ કરાર બદ્ધ થયેલ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભ મળશે.

## એઈડ્સ

એઈડ્સ રોગમાં સમાજ સુરક્ષા ખાતા દ્વારા આપવામાં આવતી સહાય : બક્ષી પંચ, અનુસુચિતજાતિ, અનુસુચિત જનજાતિનાં એઈડ્સ રોગનાં દર્દીઓને સરકારી તરફથી દરમાસે રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરા દર્દ સારૂં થાય ત્યાં સુધી ચૂકવવામાં આવે છે. આ સહાય માટે દર્દીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬૦૦૦/- છે. આ આવકથી ઓછી આવક ધરાવતાં દર્દીઓને સહાય ચૂકવવા પાત્ર છે.

આ સહાય માટે બક્ષી પંચ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિનાં દર્દીઓએ જે તે તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારશ્રી પાસેથી જરૂરી ફોર્મ મેળવી જરૂરી માહિતી સાથે રજુ કરવાથી સહાય મળી શકે છે.

## કેન્સર

કેન્સર રોગમાં સમાજ સુરક્ષા ખાતા દ્વારા આપવામાં આવતી સહાય :

બક્ષી પંચ, અનુસુચિતજાતિ, અનુસુચિત જનજાતિનાં કેન્સર રોગનાં દર્દીઓને સરકારશ્રી તરફથી દર માસે રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરા દર્દ મટે ત્યાં સુધી ચૂકવવામાં આવે છે. આ સહાય માટે દર્દીની

વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬,૦૦૦/– છે. આ આવકથી ઓછી આવક ધરાવતાં દર્દીઓને સહાય ચૂકવવા પાત્ર છે.

આ સહાય માટે બક્ષી પંચ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિનાં દર્દીઓએ જે તે તાલુકના તાલુકા વિકાસ અધિકારીશ્રી/મામલતદારશ્રી પાસેથી જરૂરી ફોર્મ મેળવી જરૂરી માહિતી સાથે રજુ કરવાથી સહાય મળી શકે છે.

## રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમ

<u>યોજના શરૂ થયાનું વર્ષ :</u> ૧૯૭૬

<u>યોજનાનું નાણાકીય સ્રોત :</u> ભારત સરકાર શ્રી દ્વારા નાણાં ફાળવવામાં આવે છે.

<u>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ :</u> આર્થિક પછાત અને દ્રષ્ટી ખામીવાળા તમામ ભારતીય નાગરિક

<u>યોજના અંતર્ગત સહાય /લાભ :</u> (૧) દેશમાં દ્રષ્ટી ખામીવાળા / અંધ નાગરિકોની ઓળખ અને તેની સારવાર, તેઓની સંખ્યામાં ઘટાડો કરવા માટે જરૂરી પગલા લેવા. (૨) નેત્રદાન, મોતિયા ઓપરેશન, ઝામરની સારવાર, ડાયાબેટીક, રેટીનોપેથી, રીફ્રેકટીવ એરર, ચાઈલ્ડહૂડ બ્લાઈંડનેસ, ગ્લુકોમા, સ્કવીન્ટ, કેરોટોપ્લાસ્ટી, રેટીનોપેથી ઓફ પ્રી મેચ્યુરેટી, લો વિઝન વિગેરેની સઘન સારવાર વિના મુલ્યે પુરી પાડવી. (૩) શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોની દ્રષ્ટીની ચકાસણી અને જરૂરિયાત મુજબ વિના મૂલ્યે ચશ્મા આપવા.

## શાળા આરોગ્ય કાર્યક્રમ

<u>યોજનાનો પ્રકાર :</u> શાળા આરોગ્ય કાર્યક્રમ

<u>યોજના શરૂ થયાનું વર્ષ :</u> વર્ષ ૧૯૯૭ / સુધારો વર્ષ ૨૦૧૦–૧૧

<u>યોજનાનું નાણાકીય સ્રોત :</u> રાજ્ય સરકારશ્રી તરફથી અનુદાન

<u>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ :</u> નવજાત શિશુથી ૧૮ વર્ષનાં તમામ બાળકો, આંગણવાડીનાં, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં તમામ વિદ્યાર્થીઓ તેમજ શાળા ન જતા તમામ ૧૪ વર્ષ સુધીનાં બાળકો.

<u>યોજના અંતર્ગત સહાય / લાભ :</u>

| | |
|---|---|
| (૧) આરોગ્ય તપાસ | (૨) સ્થળ પર સારવાર |
| (૩) સંદર્ભ સેવા | (૪) વિના મુલ્યે ચશ્મા વિતરણ |

(૫) હૃદય, કિડની તેમજ કેન્સર તથાં થેલેસેમિયા – મેજર રોગ જેવાં રોગોની સારવાર સરકારશ્રી તરફથી પુરી પાડવામાં આવે છે.

<u>યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ :</u>

- પ્રાથમિક તબક્કે : દરેક શાળામાં આરોગ્ય તપાસ
- દ્વિતીય તબક્કે : તબીબી અધિકારી દ્વારા ખામી જણાયેલ બાળકોની તપાસ
- તૃતીય તબક્કે : નિષ્ણાત તબીબો દ્વારા તપાસ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબ દ્વારા સંદર્ભની જરૂરીયાતવાળા બાળકોની તપાસ તાલુકા કક્ષાએ થાય છે જેવા કે

(૧) બાલરોગ

(૨) દાંતના રોગ

(૩) ચામડીના રોગ

(૪) આંખનો રોગ

(૫) હૃદયરોગ

(૬) ફીઝીશ્યન અને સર્જરીના રોગ

પ્રા. આ. કેન્દ્ર ખાતેથી સંદર્ભ કાર્ડ ભરી આપ્યા બાદ આ કાર્ડ લઈ જિલ્લા હોસ્પિટલમાં બાળરોગ વિભાગનાં નિષ્ણાત તબીબો પાસે તપાસ કરાવવામાં આવે છે. અને ત્યારબાદ વધુ સારવારની જરૂરિયાત જણાયતો નિષ્ણાત તબીબ મારફતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીના ભલામણ પત્ર સાથે

જે લાભાર્થીને લાભ લેવાનો થાય છે તેમણે સરકારે નક્કી કરેલ પુરાવાઓ

(૧) પ્રા. આ. કેન્દ્ર તેમજ નિષ્ણાત દ્વારા ભરેલ સંદર્ભકાર્ડ

(૨) રેશનકાર્ડની નકલ

(૩) જે તે બાળકોનો જન્મનાં દાખલાની નકલ

સરકારશ્રી દ્વારા નક્કી કરેલાં પત્રક ૧ થી ૫ કે જે તબીબી અધિકારી, શાળાનાં આચાર્યશ્રી, આંગણવાડી કાર્યકર દ્વારા ભરવાનાં થાય છે. આ ૧ થી ૫ પત્રકપ્રા. આ. કેન્દ્ર ખાતે ઉપલબ્ધ હોય છે.

## શિક્ષણ શાખા (વિદ્યા દીપ)

આ યોજનાનાં લાભો કોને મળે : આ યોજનાનો લાભ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા બાળકોને મળવા પાત્ર છે.

આ યોજના અંતર્ગત સહાય /લાભ : આ યોજના તળે ધોરણ ૧ થી ૮ સુધી અભ્યાસ કરતા બાળકોને ચાલુ અભ્યાસ દરમ્યાન અકસ્માતે અવસાન થાય તો તેમના વાલીને આર્થિક સહાય રૂપે રૂ ા. ૫૦,૦૦૦/– આપવામાં આવે છે.

<u>આ યોજનાનાં લાભ મેળવવા માટેની પદ્ધતિ:</u> આ યોજનાનો લાભ મેળવવા માટે સરકારશ્રી તરફથી નિયત નમૂનામાં દરખાસ્ત તૈયાર કરી તેમના લગત વિભાગને સમય મર્યાદામાં રજુ કરવાની હોય છે. દરખાસ્તમાં દર્શાવેલ મુજબ જરૂરી સાધનિક કાગળો રજુ કરવાના હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાથી કોને મળે</u> : આ યોજનાનો લાભ સરકારી પ્રાથમિક શાળા, અનુદાનીત પ્રાથમિક શાળા, આશ્રમ શાળા, માધ્યમિક અને ઉ.મા. શાળામા ભણતા વિદ્યાર્થિઓને ૨૪ કલાક વિમાનુ કવચ પુરૂ પાડવામાં આવે છે.

## વિદ્યા લક્ષ્મી બોન્ડ

<u>આ યોજનાનાં લાભો કોને મળે :</u> ગ્રામ કક્ષાએ કન્યા કેળવણી ઉત્તેજન આપવા માટે વિદ્યા લક્ષ્મી યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. ધોરણ– ૧માં પ્રવેશ પામતી કન્યાને રૂ ા. ૨૦૦૦/ –નાં નર્મદા શ્રીનીધીનાં બોન્ડ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારની ૩૫%નાં ઓછા સાક્ષરતા દર હોય તેવા વિસ્તારમાં બોન્ડની ફાળવણી કરવામાં આવે છે.

<u>આ યોજના અંતર્ગત સહાય / લાભ:</u> આ યોજના તળે ધોરણ–૧માં પ્રવેશપ્રવેશ લેવો ફરજીયાત છે. અને ધોરણ–૮નો અભ્યાસ પૂર્ણ કરતા કન્યાને વ્યાજ સાથે રકમ ચુકવવામાં આવે છે.

<u>આ યોજનાનો લાભ ક્યાથી કોને મળે :</u> આ યોજનાનો લાભ જે ગ્રામ્ય વિસ્તારમાં ૩૫% કરતા ઓછા સાક્ષરતા હોય અને ધોરણ– ૧માં પ્રવેશ પામતી કન્યાને લાભ મળે છે.

## સંકલિત બાળ વિકાસ યોજના

દેશના ભવિષ્ય સમાન બાળકોના સમતુલિત વિકાસ માટે ૨જી ઓક્ટોબર ૧૯૭૫ થી સંકલિત બાળ વિકાસ સેવા યોજના અમલી બનાવવામાં આવી જે અન્વયે આ જિલ્લામાં કુલ ૧૨ આઈ.સી.ડી.એસ. ઘટકોના ૧૮૫૫ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. જેમાં બાળકોને માતૃમંડળ દ્વારા તેમજ આઈ.સી.ડી.એસ. યોજના દ્વારા પૂરક પોષણ આપવામાં આવે છે તેમજ અઠવાડિયામાં બે વાર ફળ આપવામાં આવે છે. તદઉપરાંત કુપોષિત બાળકો તેમજ સગર્ભા, ધાત્રી અને કિશોરીઓને બાળભોગ, સુખડી, શીરોના પ્રિમિક્સ પેકેટ આપવામાં આવે છે.

જેમાં ૬ માસ થી ૩ વર્ષ ૯૨,૨૮૩ બાળકો, ૩ થી ૫ વર્ષના ૬૭,૧૩૪ બાળકો તેમજ ૭૧૦૩૧ સગર્ભા, ધાત્રી અને કિશોરીઓને પુરક પોષણનો લાભ આપવામાં આવે છે.

માહે જાન્યુઆરી–૨૦૧૬ અંતિત આ જિલ્લાની કુપોષણની ટકાવારી ૭.૭૩ હતી જ્યારે ડિસેમ્બર–૨૦૧૪માં આ જિલ્લાના કુપોષણની ટકાવારી ૧૦.૭૬ છે. જે મુજબ એક વર્ષમાં આ જિલ્લામાં ૩.૦૩ જેવો ઘટાડો નોંધાયેલ છે.

વર્ષ–૨૦૧૫માં ૭૨ આંગણવાડીના નવા મકાન અને ૧૨૭ આંગણવાડીમાં શૌચાલયો બનાવવામાં આવેલ છે.

## ખેતીવાડી વિભાગ

ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ નીચે મુજબ છે.

(૧) AGR-2 (સેન્દ્રિય ખાતરને પ્રોત્સાહન) યોજના

(૨) AGR-4 (અનુ.જાતીના ખેડૂતોને પાક ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપવા અંગેની) યોજના

(૩) NMOOP(OILSEEDS) કેન્દ્ર પુરસ્કૃત યોજના

(૪) AGR-50 (ટ્રેક્ટર) યોજના

(૫) NFSM (કઠોળ) યોજના

(૬) NFSM કોમર્શીયલ ક્રોપ (કપાસ) યોજના

(૭) RKVY (ઘઉં) યોજના

(૮) ઘાંસચારા વિકાસ કાર્યક્રમ (સ્ટેટ પ્લાન) ૭૫% સહાય યોજના

(૯) બુસ્ટ અપ ટુ ફાર્મ મીકેનાઇઝેશન ઇન ધ સ્ટેટ એગ્રીકલ્ચર (RKVY-FM)

(૧૦) Sub-Mission on Agricultural Mechanization Project (SMAM)

ઉપરોક્ત યોજનાઓમાં એટ સોર્સના ઘટકોમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ લી./ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી./જી.એસ.એફ.શી. સંસ્થાઓના માન્ય વિક્રેતાઓ દ્વારા કામગીરી સહાય કાપીને લાભાર્થી ખેડૂતોને વિતરણ કરવામાં આવે છે.

એટ સોર્સ સિવાયના ઘટકોમાં ખેડૂત દ્વારા ઓનલાઇન અરજી https:\\ikhedut.gujarat.gov.in પર કર્યા બાદ પ્રાથમિક મંજુરી મળ્યા બાદ સાધન ખરીદ કર્યેથી યોગ્ય જણાયે RTGS થી સંસ્થા દ્વારા સીધુ બેંક એકાઉન્ટમાં સહાયના નાણા જમા કરાવવામાં આવે છે.

## આયુર્વેદ શાખા

- આયુર્વેદ દવાખાનામાં મળીને આઉટડોર આયુર્વેદના ૧૬૩૨૯૪ દર્દીઓને સેવા આપવામાં આવેલ છે.
- હોમિયોપેથીક દવાખાનામાં આઉટડોર હોમિયોપેથીકના ૧૫૧૮૭ દર્દીઓને સેવા આપવામાં આવેલ છે.
- દવાખાનામાં સ્વસ્થવૃત શિબિરમાં ૨૯૧૦૯ લાભાર્થીઓને સ્વસ્થ કેમ રહેવું તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે. મોટી ઉંમરના ૮૩૬૬ લાભાર્થીઓને રોગપ્રતિકારક શકિત વધારવા માટે રસાયણ ટેબલેટનું વિતરણ કરવામાં આવેલ છે.
- આયુર્વેદ નિદાન ચિકિત્સા અને હોમિયોપેથ નિદાન ચિકિત્સા અન્વયે ૭૬ કેમ્પ મળીને ૧૧૦૧૮ લાભાર્થીઓને સેવા આપવામાં આવી છે. જિલ્લા પંચાયત ભાવનગર તથા દરેક આયુર્વેદ દવાખાનામાં ઉકાળા વિતરણ કેમ્પમાં ૭૦૮૬૩ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

## સહકાર શાખા

ભાવનગર જિલ્લા પંચાયત દ્વારા સહકારી પ્રવૃત્તિઓનાં વિકાસ માટે તેમજ સહકારી પ્રવૃત્તિ દ્વારા લોકભાગીદારીથી વિકાસ સાધવા માટે વૈધાનિક સત્તાઓ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીનાં તેમજ માન. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ–ગાંધીનગરનાં સીધા માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ સહકાર ખાતાનાં વર્ગ–૨નાં અધિકારી મદદનીશ રજિસ્ટ્રારશ્રી ફરજ બજાવે છે. સહકારી પ્રવૃત્તિ અંગેની મુખ્યત્વે કામગીરીમાં ગ્રામ્ય કક્ષાએ સેવા સહકારી મંડળીઓ તેમજ અન્ય મંડળીઓની નોંધણી કરવી તેમજ સહકારી મંડળીઓનાં પેટાનિયમોમાં સુધારો કરવાની કામગીરી કરવામાં આવે છે. હાલમાં જિલ્લાનાં ગ્રામ્ય કક્ષાએ કુલ–૪૨૬ સેવા સહકારી મંડળીઓ કાર્યરત છે.

## સમાજ કલ્યાણ શાખા

***શૈક્ષણિક યોજનાઓ :***

(૧) બીસીકે–૨ : પરિલક્ષિત લાલ મજમુદાર એસ.એસ.સી. પૂર્વના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજના (ધો.૧ થી ૧૦)

<u>પાત્રતાના માપદંડ :</u> આ યોજનાના માપદંડ આ પ્રમાણે છે : (૧) આવક મર્યાદા લાગુ પડતી નથી (૨) સરકારી શાળાઓ : ખાનગી શાળાઓમાં આગલા ધોરણમાં પાસ જોઇએ.

<u>સહાયનું ધોરણ :</u> (૧) સરકારી અને ખાનગી શાળાઓ (૨) ધો. ૧ થી ૮ કુમાર ને રૂ।. ૫૦૦/– વાર્ષિક (3) ધો. ૬ થી ૮ કન્યાને રૂ।. ૭૫૦/– વાર્ષિક (૪) ધો. ૯ થી ૧૦ કુમાર તથા કન્યાને રૂ।. ૭૫૦ વાર્ષિક.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> શાળા મારફતે

(૨) બીસીકે–૪ : મુનિ મેતરાજ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલાં માતા–પિતાનાં બાળકોને પૂર્વ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિની યોજના.

<u>પાત્રતાના માપદંડ :</u> આ સહાયના માપદંડ આ પ્રમાણે છે : (૧) કોઈ આવક મર્યાદા નથી (૨) ડીસેમ્બર ૧૯૯૫ પછી જન્મેલા ત્રીજા બાળકને લાભ મળવાપાત્ર નથી. (૩) જે તે બાળકના વાલી અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ હોય તેને મળવાપાત્ર.

<u>સહાયનું ધોરણ :</u> (૧) ડે–સ્કોલર વિદ્યાર્થીને ધો. ૧ થી ૧૦ માસિક રૂ।. ૧૧૦/– ૧૦ના માસના અને ૭૫૦/– એડહોક શિષ્યવૃત્તિ (૨) હોસ્ટેલર (ખાનગી)ને વાર્ષિક રૂ।. ૭૦૦/– ૧૦ માસ લેખે અને રૂ।. ૧૦૦૦/– એડહોક રકમ શિષ્યવૃત્તિ ઉપરાંત મળવાપાત્ર છે.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> શાળા મારફતે.

(૩) બીસીકે–૬ : ધો. ૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ સહાય (સરસ્વતી સાધના યોજના)

<u>પાત્રતાના માપદંડ :</u> ગ્રામ્ય વિસ્તાર માટે રૂ।. ૪૭,૦૦૦/–ની આવક મર્યાદા છે.

<u>સહાયનું ધોરણ :</u> (૧) હાલ ધો. ૯ની વિદ્યાર્થીનીઓને સાયકલ સ્વરૂપે સહાય આપવામાં આવે છે.

સહાય મેળવવા માટેની પદ્ધતિ : લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> શાળા મારફતે.

(૪) બીસીકે–૧૬ : અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૮નાં બાળકોને મફત ગણવેશ સહાય.

<u>પાત્રતાના માપદંડ :</u> આ યોજનાના માપદંડો આ પ્રમાણે છે : (૧) કોઈ આવક મર્યાદા નથી.

<u>સહાયનું ધોરણ :</u> (૧) ધો. ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ।. ૩૦૦/–ની મર્યાદામાં ગણવેશ સહાય આપવામાં આવે છે.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમૂનામાં દરખાસ્ત કરવાની હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> શાળા મારફતે.

(૫) બીસીકે–૧૭ : વાલ્મીકિ, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો–ગરોડા, વણકર સાધુ, દલિત બાવા, તુરી–બારોટ, તીરગર/તીરબંદા, થોરી અને માતંગ જાતિના ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ.

<u>પાત્રતાના માપદંડ :</u> (૧) કોઈ આવકમર્યાદા નથી. (૨) અતિ પછાત જાતિનાં બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે ખાસ શિષ્યવૃત્તિ.

<u>સહાયનું ધોરણ :</u> (૧) ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓ કુમાર તથા કન્યાઓને રૂ।. ૭૫૦/– વાર્ષિક (૨) ધો. ૯ થી ૧૦ના વિદ્યાર્થીઓ કુમાર તથા કન્યાઓને રૂ।. ૧,૦૦૦/– વાર્ષિક.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> શાળા મારફતે.

(૬) બીસીકે–૧૯ : સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના.

(૧) આ છાત્રાલયોમાં કુમાર તથા કન્યાઓ માટે વિનામૂલ્યે રહેવા તથા જમવાની સુવિધા આપવામાં આવે છે. (૨) ભાવનગર જિલ્લામાં કુલ ૪ (ચાર) છાત્રાલયો આવેલ છે. (૧) શિહોર ખાતે કુમાર–૧ તથા કન્યા ૧ (૨) પાલડી ખાતે કુમાર–૧ (૩) વલ્લભીપુર તાલુકાના રતનપર (ભાલ) ખાતે કુમાર–૧

પાત્રતાના માપદંડ : (૧) રૂ. ૧૫૦૦/– માસિક એક વિદ્યાર્થી દીઠ નિભાવ ભથ્થું (૧૦ માસ સુધી)

સહાય મેળવવા માટેની પદ્ધતિ : જે તે સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરી અરજી ફોર્મસ ભરવાના હોય છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જે તે સંસ્થા મારફતે.

(૭) બીસીકે–૭૧ : પૂર્વ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિ યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ)

પાત્રતાના માપદંડ : (૧) આવક મર્યાદા લાગુ પડતી નથી (૨) સરકારી શાળાઓ/ખાનગી શાળાઓમાં અગાલા ધોરણમાં પાસ હોવા જોઇએ.

સહાયનું ધોરણ : (૧) સરકારી અને ખાનગી શાળાઓ (૨) ધો. ૧ થી ૮ કુમાર ને રૂ. ૫૦૦/– વાર્ષિક (૨) ધો. ૬ થી ૮ કન્યાને રૂ. ૭૫૦/– વાર્ષિક (૪) ધો. ૯થી ૧૦ કુમાર તથા કન્યાને રૂ. ૭૫૦/– વાર્ષિક

સહાય મેળવવા માટેની પદ્ધતિ : લગત શાળાના આચાર્યશ્રી મારફતે જિલ્લા કચેરીને શિષ્યવૃત્તિની નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : શાળા મારફતે.

### આર્થિક ઉત્કર્ષ:

(૮) બીસીકે–૪૪ : ખેતીની જમીન ખરીદવા માટે અનુસૂચિત જાતિના ખેડૂતોને નાણાકીય સહાય

પાત્રતાના માપદંડ : આવક મર્યાદા વાર્ષિક રૂ. ૧.૦૦ લાખ

સહાયનું ધોરણ : અનુસૂચિત જાતિના લોકોને ખેતીની જમીન ખરીદવા માટે એકરદીઠ કિંમતના ૫૦% અથવા એકરદીઠ રૂ. ૧.૦૦ (એક) લાખની સહાય અને વધુમાં વધુ ૨ એકર માટે રૂ. ૨.૦૦ (બે) લાખની નાણાકીય સહાય આપવામાં આવે છે.

સહાય મેળવવા માટેની પદ્ધતિ : અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનુ નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી. જિ.પં. ભાવનગર.

### આરોગ્ય અને ગૃહનિર્માણ

(૯) બીસીકે–૪૭ : કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના અને બીસીકે–૭૪

પાત્રતાના માપદંડ : (૧) ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૪૭,૦૦૦/–

સહાયનું ધોરણ : (૧) સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ. ૧૫૦/– કેસદીઠ (૨) ગંભીર પ્રસૂતિનાં રોગ માટે રૂ. ૫૦૦/– કેસ દીઠ (૩) ટી.બી. માટે માસિક રૂ. ૫૦૦/– દર્દ મટે નહિ ત્યાં સુધી (૪) કેન્સર માટે માસિક રૂ. ૧૦૦૦/– દર્દ મટે નહી ત્યાં સુધી (૫) રક્તપિત્ત માટે માસિક રૂ. ૮૦૦/– દર્દ મટે નહી ત્યાં સુધી (૬) એચ.આઈ.વી. એઈડ્ઝગ્રસ્ત માસિક રૂ. ૫૦૦/– રોગ મટે નહી ત્યાં સુધી.

સહાય મેળવવા માટેની પદ્ધતિ : અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનું નિયત નમૂનાનું અરજી ફોર્મસ ભરી તમામ સાધનીક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર

(૧૦) બીસીકે–૫૦ : ગૃહનિર્માણ માટે વ્યક્તિગત ધોરણે નાણાકીય સહાય (ડો. આંબેડકર આવાસ યોજના)

પાત્રતાના માપદંડ : (૧) જે લાભાર્થીને ઈન્દિરા આવાસ યોજના હેઠળ લાભ આપી શકાય તેમ ન હોય અને તેઓ ડો. આંબેડકર આવાસ યોજનાની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા કિસ્સામાં આ યોજના હેઠળ સહાય ચૂકવવાની જોગવાઈ છે. (૨) આવક મર્યાદા રૂા. ૪૭,૦૦૦/–

સહાયનું ધોરણ : (૧) ગ્રામ્ય વિસ્તાર માટે સહાયનું ધોરણ રૂા. ૭૦,૦૦૦/–

સહાય મેળવવા માટેની પદ્ધતિ : અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનું નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર

(૧૧) બીસીકે –૫૨ વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, વણકર, સાધુ, દલિત બાવા, તૂરી બારોટ, તીરગર/તીરબંદા, થોરી અને માંતગ જેવી સૌથી અતિ પછાત જાતિઓને ગૃહનિર્માણ માટે નાણાકીય સહાય (ડો. આંબેડકર આવાસ યોજના)

પાત્રતાના માપદંડ : (૧) જે લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજના હેઠળ લાભ આપી શકાય તેમ ન હોય અને તેઓ ડો. આંબેડકર આવાસ યોજનાની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા કિસ્સામાં આ યોજના હેઠળ સહાય ચૂકવવાની જોગવાઈ છે. (૨) આવક મર્યાદા રૂા. ૪૭,૦૦૦/–

સહાયનું ધોરણ : ગ્રામ્ય વિસ્તાર માટે સહાયનું ધોરણ રૂા. ૭૦,૦૦૦/–

સહાય મેળવવા માટેની પદ્ધતિ : અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનું નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરાવની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર

(૧૨) બીસીકે – ૫૫ : અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઈના મમેરા માટે નાણાંકીય સહાય

પાત્રતાના માપદંડ : (૧) આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/– છે. (કન્યાના લગ્ન પ્રસંગે) (૨) લગ્ન માટેની નિયત વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ (૩) આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના કુટુંબની બે દિકરીઓને લાભ આપવામાં આવે છે.

સહાયનું ધોરણ : (૧) લાભાર્થી કન્યાને રૂા. ૧૦,૦૦૦/– નાણાંકીય સહાય ચેકથી ચૂકવવામાં આવે છે.

સહાય મેળવવા માટેની પદ્ધતિ : અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનુ નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર

(૧૩) બીસીકે– ૫૭ : માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના.

પાત્રતાના માપદંડ : (૧) સમાજમાં થતા ખોટા ખર્ચા અટકાવવામાટે (૨) ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂા. ૪૭,૦૦૦/–

<u>સહાયનું ધોરણ :</u> (૧) આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ નવયુગલોનાં સમૂહ લગ્નમાં યુગલ દીઠ રૂ।. ૧૦,૦૦૦/– ચેકથી કન્યાના નામે આપવામાં આવશે (૨) સમુહ લગ્નનું આયોજન કરવા માટે આયોજક સંસ્તાઓને ઓછામાં ઓછા ૧૦ યુગલોનાં સમુહ લગ્ન યોજે તો યુગલ દીઠ રૂ।. ૨,૦૦૦/– લેખે મહત્તમ રૂ।. ૫૦,૦૦૦/–ની પ્રોત્સાહક રકમ મંજુર કરવામાં આવશે.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનુ નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે સંસ્થાએ અરજીઓ તૈયાર કરી લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

<u>યોજનાનો લાભ ક્યાંથી મળે છે :</u> જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર.

(૧૪) બીસિક : ૬ ર સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના (અંત્યેષ્ઠી સહાય)

<u>પાત્રતાના માપદંડ :</u> (૧) અરજદાર લાભાર્થીએ તેના કુટુંબની વ્યક્તિનાં મરણ પ્રસંગે તેના ગ્રામ્ય વિસ્તારનાં તલાટી કમ મંત્રી પાસેથી મરણ અંગેનું પ્રમાણપત્ર–દાખલો રજુ કરવાનો રહેશે (૨) કુટુંબના સભ્યના મૃત્યુ બાદ છ માસમાં અરજી કરવાની રહેશે. (૩) ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ।. ૪૭,૦૦૦/–

<u>સહાયનું ધોરણ :</u> અનુજાતિના કુટુંબની વ્યક્તિના મરણ પ્રસંગે ખર્ચમાં સહાયરૂપ થવા કફનકાઠી માટે રૂ।. ૫,૦૦૦/–ની સહાય.

<u>સહાય મેળવવા માટેની પદ્ધતિ :</u> અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનુ નિયત નમુનાનુ અરજી ફોર્મસ ભરી તમામ સાધનિક કાગળો સાથે લગત તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકો મારફતે અરજી કરવાની રહે છે.

યોજનાનો લાભ ક્યાંથી મળે છે : જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી, જિ.પં. ભાવનગર.